## પંખીલોક

★ પ્રવીણ સરવૈયા

# કાણી બગલી (Indian Pond Heron)

જોવામાં તે સાવ નિષ્ક્રિય લાગે, પણ હકીકતે તે બહુ જ સાવચેત બેઠો હોય છે. પાણીમાં દેડકી કે માછલી જોતાં જ તે પોતાની ભાલા જેવી ચાંચથી તરત જ તેને પકડી પાડે છે. ક્યારેક તે પાણીમાં ચુપકીદીથી ધીમાં પગલે ચાલતો-ચાલતો શિકાર મેળવે છે. તેને જો ખલેલ પહોંચાડવામાં ન આવે તો તે માણસથી ડરતો નથી

પાણીકાંઠાનાં પંખીઓમાં બગલો સૌથી વ્યાપક અને જાણીતું પંખી છે. બગલામાં સફેદ બગલો કે ઢોર બગલો સામાન્ય રીતે તમામ સ્થળોએ જોવા મળે છે. આ ઉપરાંત માટી જેવા રંગના નાના કદના બગલાં પણ જોવા મળે છે. જમીન સાથે ભળી જતા આ બગલાનું નામ છે ‘કાણી બગલી.’ અંગ્રેજીમાં તેને ‘Pond Heron’ કહે છે.







કાણી બગલીનું બીજું નામ ‘ખોખડ બગલો’ પણ છે. હિન્દીમાં તેને ‘અંધા બગ’ કહે છે, પણ હકીકતે તે આંધળું નથી. તેને બહુ સારી રીતે દેખાય છે. તેનો રંગ પીળચટો ખાખી બદામી છે. પાણીકાંઠે આ બગલું બેઠું હોય તો ઝટ નજરે ચડતું નથી. પ્રજનનઋતુમાં તેનો રંગ વધુ ઘેરો બને છે અને માથા પર કલગી ઊગે છે, ત્યારે તે વધારે સુંદર લાગે છે. તે ઊડે છે ત્યારે પાંખોની અંદરનો સફેદ રંગ ઝગમગી ઊઠે છે. તે ઊડે ત્યારે પાંખો અને કેડના ઝબકારાથી આપણને ખબર પડે કે અહીં બગલું હતું! તેના પગનો રંગ લીલાશપડતો સફેદ છે. આંખ પીળા રંગની છે. ચાંચનો રંગ મૂળમાં વાદળી, વચ્ચે પીળો અને છેડે કાળો છે. તેની ડોક સામાન્ય બગલાની પેઠે લાંબી નહીં, પણ ટૂંકી છે. ચાંચ મજબૂત અને લાંબી છે.

પાણીકાંઠે અન્ય બગલાં ન હોય તો પણ કાણી બગલી અવશ્ય હાજર હોય જ છે. કાદવવાળાં ખાડા ખાબોચિયાંમાં કે તળાવમાં તે એકલો કે બે-પાંચની સંખ્યામાં જોઈ શકાશે. પાણીનાં ઝીણાં દેડકાં, માછલાં અને બીજી જીવાત તેનો મુખ્ય ખોરાક છે. છીછરા પાણીના કાંઠે આ બગલો ડોક અને માથું બે ખભા વચ્ચે સંકેલીને બેઠો હશે. જોવામાં તે સાવ નિષ્ક્રિય લાગે, પણ હકીકતે તે બહુ જ સાવચેત બેઠો હોય છે. પાણીમાં દેડકી કે માછલી જોતાં જ તે પોતાની ભાલા જેવી ચાંચથી તરત જ તેને પકડી પાડે છે. ક્યારેક તે પાણીમાં ચુપકીદીથી ધીમાં પગલે ચાલતો-ચાલતો શિકાર મેળવે છે. તેને જો ખલેલ પહોંચાડવામાં ન આવે તો તે માણસથી ડરતો નથી. તેઓ જળાશયોમાં છૂટીછવાઈ સંખ્યામાં હોય છે, પણ રાતવાસો કરવા માટે મોટી સંખ્યામાં એકઠાં થાય છે. આંબા, આંબલી કે મોટા ઝાડ ઉપર તેઓ સમૂહમાં રાતવાસો ગાળે છે. માળા પણ સમૂહમાં બાંધે છે. તેનો માળો કાગડાના માળા જેવો જ હોય છે. માદા તેમાં ત્રણથી પાંચની સંખ્યામાં લીલાશપડતા વાદળી રંગનાં ઈંડાં મૂકે છે. માળો બનાવવા માટે દર વર્ષે લગભગ એક જ ઠેકાણાનો ઉપયોગ થાય છે.

Heron બગલાંની આપણે ત્યાં જે જાતો જોવા મળે છે તેમાં; લીલી બગલી (Striated Heron), રાત બગલો (Black-crowned Heron), કબૂલ બગલો (Grey Heron), નડી બગલો (Purple Heron) તેમજ કોઈ વખત ચીની કાણી બગલી (Chinese Pond Heron) પણ આપણે ત્યાં દેખાયાંની પક્ષી નિરીક્ષકો દ્વારા નોંધ થયેલ છે. ગલાં આપણાં સામાન્ય પંખી છે. તેની વિવિધ ખાસિયતોના અભ્યાસથી આપણને ઘણું નવીન જાણવા મળે છે.

# કોઈ દેશ પોતાનું એર સ્પેસ કઈ રીતે કરે છે બંધ, ભૂલથી ફ્લાઈટ બંધ એર સ્પેસમાં ઘૂસી જાય તો શું થાય?

બાંગ્લાદેશે તાજેતરમાં જ બાકી ચૂકવણીનું કારણ આપી ભારતીય એરલાઈન સ્પાઈસ જેટ (Spice jet)ને તેના એર સ્પેસનો ઉપયોગ નહીં કરવાની સૂચના આપી છે, એટલે કે સ્પાઈસ જેટ માટે તેના એર સ્પેસના દરવાજા બંધ કરી દીધા છે. જે પછી કેટલીક ફ્લાઈટ્સને લાંબા રૂટ લેવા પડી રહ્યા છે, જેમાં સમય અને ઈંધણ બંનેનો વધારે ખર્ચ થઈ રહ્યો છે. આ સમાચાર સામે આવ્યા પછી કેટલાક લોકોના મનમાં સવાલ થતો હશે કે કોઈ દેશ પોતાનો એર સ્પેસ કઈ રીતે બંધ કરે છે અને કોઈ ફ્લાઈટ ભૂલથી ત્યાં પહોંચી જાય તો શું થાય?

દરેક દેશ પાસે પોતાની ભૂમિ અને સમુદ્રી સરહદની જેમ ઉપર આકાશ પર પણ પૂરો અધિકાર હોય છે. આંતરરાષ્ટ્રીય નિયમો મુજબ, કોઈપણ દેશ નક્કી કરી શકે છે કે, કઈ ફ્લાઈટ તેમના એર સ્પેસમાંથી પસાર થઈ શકે છે અને કઈ નહીં. જો કોઈ ફ્લાઈટ એર સ્પેસ પ્રતિબંધનું ઉલ્લંઘન કરે તો તેની સામે આકરી કાર્યવાહી થઈ શકે છે.



જ્યારે કોઈ દેશ સુરક્ષા, રાજકીય કે નાણાકીય કારણસર પોતાનું એર સ્પેસ બંધ કરે છે, તો તે એક સત્તાવાર નોટિસ જાહેર કરે છે. જેને NOTAM (Notice to Airmen) કહેવામાં આવે છે. આ સૂચના તરત દરેક એરલાઈન્સ, પાયલટ અને એર ટ્રાફિક કન્ટ્રોલ સુધી પહોંચાડવામાં આવે છે. જે પછી તે રૂટ પરથી પસાર થતી દરેક ફ્લાઈટે પોતાનો રસ્તો બદલવો પડે છે.

પરવાનગી વગર કોઈપણ દેશના પ્રતિબંધિત એર સ્પેસમાં પ્રવેશ કરવો ગંભીર મુદ્દો ગણાય છે. આવા કિસ્સામાં સામાન્ય રીતે, સૌથી પહેલા પાયલટને ચેતવણી આપવામાં આવે છે. એર ટ્રાફિક કન્ટ્રોલ ઈમરજન્સી સંપર્ક કરે છે અને દિશા બદલવા માટે સૂચના આપે છે. જો કોઈ વિમાન નિર્દેશ ન માને, તો દેશની વાયુસેના સક્રિય થઈ શકે છે. ફાઈટર જેટ્સ તેને એસ્કોર્ટ કરી શકે છે અથવા તો નજીકના એરપોર્ટ પર લેન્ડ કરવા માટે મજબૂર કરી શકે છે. ત્યાર બાદ દંડ, તપાસ અને અન્ય કાયદાકીય કાર્યવાહી પણ થઈ શકે છે. જોકે, કોમર્શિયલ એરલાઈન્સ કડક ફ્લાઈટ પ્લાન અને આધુનિક નેવિગેશન સિસ્ટમનો ઉપયોગ કરે છે, તેથી આવી ભૂલ થવાની સંભાવના ખૂબ જ ઓછી હોય છે. કોઈપણ ઈન્ટરનેશનલ ફ્લાઈટ પહેલા એરલાઈન્સે સંબંધિત દેશો પાસેથી ઓવર ફ્લાઈટ પરમિશન લેવી પડે છે. ફ્લાઈટ પ્લાન અગાઉથી જ મંજૂર હોય છે, તેથી એર સ્પેસ ઉલ્લંઘન સામાન્ય રીતે જાણ કરીને નહીં, પરંતુ ટેક્નિકલ ખરાબી કે ઈમરજન્સી સ્થિતિમાં જ થઈ શકે છે.